# સર્વ નેતૃત્વના યુવાનો દ્વારા 'પ્લાસ્ટિક મુક્ત ભારત' અંતર્ગત અભિયાન આરંભાયું






ગાંધીનગર, તા. ૩

સાદગી અને નમ્રતાના પ્રેરણામૂર્તિ,સત્ય અને અહિંસાના પુજારી,સ્વચ્છતાના આગ્રહી અને વિશ્વના પાંચ નોબલ પારિતોષિક વિજેતાઓના જીવન પર જેમનો પ્રભાવ રહેલો છે તેવાં વિશ્વ માનવ રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં સંસ્થાના ચેરમેન, મંત્રીઓ અને પ્રિન્સીપાલો દ્વારા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરાઈ અને ત્યાર બાદ કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુનિક પ્રોગ્રામ સર્વ નેતૃત્વ દ્વારા પ્લાસ્ટીક બેગનાં વિકલ્પ કપાસના રેસામાંથી બનાવેલી બેગનું સંસ્થાના ચેરમેન,મંત્રીઓ દ્વારા વિતરણની શુભ શરૂઆત કરવામાં આવી જેના ભાગ રૂપે સર્વ નેતૃત્વ યુવાનો દ્વારા શહેરના વિવિધ જગ્યાઓ, શાળાઓ, કોલેજોમાં જઈ લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરી કપાસના રેસામાંથી બનાવેલી બેગોનું વિતરણ વિના મુલ્યે કરી રહ્યા છે.

સર્વ નેતૃત્વ દ્વારા સમાજ પ્લાસ્ટિક મુક્ત બને તે માટેના સાત ઓક્ટોબર સુધી અભિયાનો ચલાવી લોક જાગૃતિ લાવવામાં સંકલ્પ સાથે સિદ્ધિ મેળવવાનો પ્રયાસ કરશે.




સી.એમ. પટેલ કૉલેજ ઓફ નર્સિંગમાં 'વિશ્વ હાર્ટ ડે' નિમિત્તે એન.એસ.એસ.ના સ્વયંસેવકો દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું માર્ગદર્શન કૉલેજના પ્રો. તથા એન.એસ.એસ.ના કૉ-ઓર્ડિનેટર સોયબ ખોખર તથા પ્રો. કૃતિ કોન્ટ્રાકટર દ્વારા આપવામાં આવ્યું હતું. રક્તવાહિનીના રોગોના નિવારણ અંગે જાગૃતિ લાવવા માટે નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. 'વિશ્વ હાર્ટ ડે'ના કાર્યક્રમના આયોજન માટે કૉલેજના પ્રિન્સિપાલ રાજેશ રાવલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## શાહપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ગાંધી જીવન ઝાંખીની પરીક્ષા આપી



ગાંધીનગર, તા. ૩

અત્રે શાહપુર પ્રાથમિક શાળામાં મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્મ જયંતી ની ઉજવણી ના ભાગ રૂપે ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગાંધી જીવન ઝાંખીની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યું. આ પરીક્ષામાં શાળાના ધોરણ ૬ થી ૮ ના ૪૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

આ પરીક્ષામાં ક્રમાનુસાર વિદ્યાર્થીઓ દ્વારા બાપુની ઝાંખી, ગાંધીજી (જુગતરામ દવે) તથા મારી જીવનકથા જેવા પુસ્તકોને આધારે પરીક્ષા આપી.

## આર.સી. પટેલ શાળામાં પ્લાસ્ટિક મુક્ત અભિયાન અંતર્ગત કાર્યક્રમો યોજાયા




ગાંધીનગર, તા. ૩

ગાંધી જયંતિના ૧૫૦ વર્ષની ઊજવણીને અનુસંધાને આર.જી. પટેલ ગર્લ્સ શાળાએ પ્રાર્થનાસભાનું આયોજન કર્યું હતું. જેમાં ગાંધીજીના પ્રિય ભજન સમુહગાન કરી શિક્ષકો તથા વિદ્યાર્થીઓ દ્વારા પ્રેરક પ્રવચનોને યાદ કરી ગાંધીજીના વિચાર પ્રમાણે પ્લાસ્ટિક મુક્ત ભારતની પ્રતિજ્ઞાનું વાંચન કરવામાં આવ્યું હતું.

તથા સંકલ્પ જ્ઞાન વિધિ દ્વારા વિદ્યાર્થીઓને મક્કમ અમલ કરવા પ્રેરણા આપવામાં આવી ત્યારબાદ શાળા તથા સેકટર-૨૩ના શોપિંગ મેદાનને સ્વચ્છ કરવા માટે એન.એસ.એસ. તથા અન્ય વિદ્યાર્થીની બહેનો દ્વારા સફાઈ અભિયાનને એક યોગ્ય દિશા આપવામાં આવી હતી.

જેમાં શાળાના આચાર્ય ગિતેષભાઈ પટેલના માર્ગદર્શન મુજબ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં અભ્યાસ કરતી ૩૩ વિદ્યાર્થીનીઓએ શ્રીમતી મંજુલાબેન ડોડિયાની રાહબરી નીચે ગાંધી વિચાર પરીક્ષા આપીનો સમગ્ર કાર્યક્રમનો શોભાવ્યો હતો.

ઉપરોક્ત કાર્યક્રમમાં મહેન્દ્રભાઈ, દેવરાજભાઈ, પંકજભાઈ પટેલ તથા સંજયભાઈ નાયકે પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું.

## સોજા હાઈસ્કૂલના ઉપક્રમે ૧૫૦મી ગાંધી જયંતિની ઉજવણી



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લબ્ધ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સેવાભાવી સંસ્થા 'શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા'ના ઉપક્રમે આજ રોજ ૧૫૦ મી ગાંધી જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના પૂર્વ પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના અધ્યેતા ભાઈ-બહેનો એ ગાંધીજીના જીવન પ્રસંગો અને ઉન્નત વિચારો પર આધારિત વિષય પરત્વે નિબંધ-લેખન સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધામાં હોંશભેર ભાગ લીધો હતો. સદર સ્પર્ધાઓમાં વિજેતા અધ્યેતાઓને ઈનામ-પારિતોષિક-પ્રશસ્તિથી અભિપ્રેરિત કરવામાં આવ્યા હતા. ગાંધીજીના પ્રિય ભજનો-ગદ્ય-પદ્યના ગાન-વાંચનનો રસપ્રદ કાર્યક્રમ પણ અત્રે આયોજીત કરવામાં આવ્યો હતો.

## જન્મદિને વધામણી



અંજનાબેન મહેશકુમાર રાવલ
મો. ૯૪૨૬૬ ૩૩૦૬૭



કાન્તિભાઈ એમ. પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૨૮૦૦૬



દિલીપકુમાર જાની
મો. ૯૪૨૮૮૦૩૦૨૯



હર્ષિલ હરેશકુમાર જોષી
મો. ૭૯૮૪૨ ૨૩૩૫૯



શુભમ ચૌધરી

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

'આર્ષ' અક્ષરધામ, પ્રવચનમાળા અંતર્ગત

# 'નિષ્કુળાનંદ કાવ્ય- ૫ 'વચનવિધિ' વિષય પર ૮૯મું પ્રવચન યોજાયું

## વચનવિધિ ગ્રંથ ખાલી સ્વામિનારાયણ સંપ્રદાય પૂરતો નથી પરંતુ સમગ્ર માનવ સમુદાય માટે છે : પૂ. નારાયણમુનિદાસ સ્વામી

ગાંધીનગર, તા. ૩

'આર્ષ' શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૨ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિ વિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર: વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં શાસ્ત્ર વિષયના ભાગરૂપ 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'નિષ્કુળાનંદ કાવ્ય- ૫ 'વચનવિધિ'' ઉપર ૮૯માં પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાધ્યાપકશ્રી, સંત પ્રશિક્ષણ કેન્દ્ર, સારંગપુર પૂ. નારાયણમુનિદાસ સ્વામીએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. પ્રવચનમાં આશરે ૧૦૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

'નિષ્કુળાનંદ કાવ્ય- ૫ 'વચનવિધિ'' વિષય પર પ્રકાશ પાડતાં પૂ. નારાયણમુનિદાસ સ્વામીએ નિષ્કુળાનંદ સ્વામીના



વ્યક્તિત્વ અને કાર્યને સંક્ષિપ્તમાં દર્શાવતાં જણાવ્યું કે, નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્ય મૂર્તિ હતા. 'જનની જીવો ગોપીચંદની,' 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના' જેવા પદ ગવાય ત્યારે યુવાનોને પણ વૈરાગ્યની ખુમારી ચડી જતી.

નિષ્કુળાનંદ સ્વામીએ ૨૨ ગ્રંથોની રચના કરી છે, કીર્તનો અલગ. સંપ્રદાયમાં વૈરાગ્યની મૂર્તિ તરીકે ઓળખાતા તેઓએ વૈરાગ્ય વિષે સારસિદ્ધિ નામે ગ્રંથ પણ લખ્યો છે.

શ્રી મનુભાઈ પંચોળીએ કહ્યું હતું કે 'નિષ્કુળાનંદ સ્વામી જેવી લાઘવ શક્તિ અન્ય કવિમાં જોવા મળતી નથી'.

ભગવાન સાથેના જોડાણની વાત વચનવિધિ ગ્રંથમાં છે. પ્રથમ વિધિ પ્રમાણે વર્તવાનો સંકલ્પ ત્યારબાદ તે મુબજ વર્તવાની રીત અન છેલ્લે તે મુજબ વર્તવાથી થતી પ્રાપ્તિની વાત છે.

ગ્રંથમાં ૫૨ (બાવન) પ્રકરણો છે. જેમાં વર્તનની તથા વિષય ખંડનની વાત છે. વિષય ખંડનની વાત બદરીકાશ્રમ, શ્વેતદ્વીપ કે અક્ષરધામ જેવા સ્થાન કે મોટા એકાંતિક સંત પાસે જ થાય છે. વાત કડવી લાગે તેવી છે તેથી પ્રત્યેક પ્રકરણને કડવા તરીકે ઓળખવામાં આવ્યા છે.

ગ્રંથના પ્રારંભના ચાર-પાંચ કડવામાં કહ્યું છે કે વચન પાળવું કોઈને ગમતું નથી. મોકળાશમાં મજા છે પરંતુ તેથી કામ સરતું નથી. મનુષ્ય માત્રને બે ઈચ્છાઓ રહ્યા કરે છે. એક પૂર્ણ સુખ પ્રાપ્ત કરવું અને બીજુ મોટ્યપ મેળવવી. મોટ્યપ મેળવવાની ઈચ્છા મૂક્યા સિવાય છુટકો જ નથી. સુખ મેળવવાની ઈચ્છા પશુ પક્ષીઓને પણ હોય છે. આ બંને ઈચ્છા પૂર્ણ કરવી હોય તો ભગવાનનું વચન પાળવું આવશ્યક બને છે. આ રીતે જોઈએ તો આ વચનવિધિ ગ્રંથ ખાલી સ્વામિનારાયણ સંપ્રદાય પૂરતો નથી પરંતુ સમગ્ર માનવ સમુદાય માટે છે.

આખું જગત ભગવાનના વચન પ્રમાણે જ ચાલે છે. ભગવાનનું સંચાલન અત્યંત વ્યવસ્થિત અને નિયમિત છે. ભગવાન સમગ્ર સૃષ્ટિનું નિયમન કરે છે પૃથ્વીના ભ્રમણની ગતિ જો ૧૦ ગણી ધીમી થાય તો રાત દિવસ ૧૦ ઘણા મોટા થઈ જાય. આમ થાય તો તમામ જીવ સૃષ્ટિ નાશ પામે. પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું અંતર ૫૦ હજાર કિલોમિટર ઓછું થાય તો પૃથ્વી પરના તમામ પર્વતો ભરતીના પાણી નીચે દિવસમાં બે વખત ડુબી જાય. આમ પ્રકૃતિ પણ ભગવાનના નિયમનમાં વર્તે છે.

આપણે શાસ્ત્ર પ્રમાણે એટલે કે વચનની વિધિ મુજબ વર્તવાનું છે. આ પ્રમાણે વર્તવાથી ગોપીયોના જેવી મોટ્યપ પમાય છે. વચનલોપનું કારણ કુસંગ છે. વચનલોપથી ક્લેશ થાય, સન્માન ન રહે, શારીરિક સુખ ન રહે અને પ્રશ્નો ઉભા થાય. આ બાબત પુરાવાના આધારે સમજાવી છે. નારદજી અને બ્રહ્માજીનાં દૃષ્ટાંતો ટાંક્યા છે. તેમા પણ તર્ક નથી. તેઓના ગુણ દર્શાવ્યા છે અને આવા ગુણવાનને પણ વચનલોપથી કેવા પ્રશ્નો ઉભા થયા તેની તેઓની માનસિક ભૂમિકાની વાત કરી છે. આ વાતો સનાતન છે. વચનલોપથી ક્લેશ આવે છે. જે વચન લોપે છે, તેની આગળ આગળ દુઃખ આવે છે. આજ્ઞાલોપ કે કુસંગથી કદાચ શરૂઆતમાં સુખ જણાય પણ અંતે તો વિનાશ તરફ દોરી જાય છે. ખોટું કાર્ય કર્યું હોય તેની પ્રતિષ્ઠા તો જાય જ છે. સાથે સાથે બીજા પ્રશ્નો પણ ઉભા થાય છે. વચન લોપીને સુખ મેળવવું તે શક્ય જ નથી. રાજાના કુંવરને મારીને ગાદીએ બેસવા તૈયાર થાય તેને રાજા કેવી રીતે રાજ્ય આપે? તેમ ભગવાનનું વચનલોપી ભગવાન પાસે સુખ માંગીએ તો ક્યાંથી મળે?

ભગવાનનો મહિમા યથાર્થ વિચારીશું તો આજ્ઞા પળાશે. આજ્ઞા પાળવાની રીતમાં બુદ્ધિને તાળાં મારી દેવાના. આજ્ઞા પ્રમાણે વર્તવાથી સુખ પામી શકાય છે. જોબનપગી, જેતલપુરની ગણિકા અને વર્તમાન કાળમાં રાયસંગ બાપુ, રિશુભાવાળા વચન પાલનથી જ આગળ નિકળી ગયા. ભગવાન રાજી ન થાય તો ભલે પણ ભગવાનનો કોપ તો ન જ વહોરવો. ભગવાન સ્વામિનારાયણે આ વાત વચનામૃત પ્ર.૩૪માં સમજાવી છે. કુસંગ તો કરવો જ નહી આજ્ઞામાંથી પાડવામાં કુસંગ મુખ્ય છે. કુસંગથી ખરાબ ગુણ પ્રવેશે છે. જે પતન લાવીને વિઘ્ન ઉભા કરે છે. કંઈક લાભ જણાવાથી કુસંગ થાય છે. પણ તે વિઘ્ન લાવે છે. ધતુરાના બી ખાવાથી ભૂખ ભાંગે પણ મોત આવે છે. ખોરાકની અપેક્ષાએ ઉંદર સર્પનો ટોપલો કાપે પણ તે મરવાનો જ છે. આવું જ તાત્કાલિક સુખ મેળવવા કુસંગના માર્ગે ચાલવાથી થાય છે.

વચન પાલનમાં દ્રઢતા થાય તે માટે કુસંગથી ડરતા રહેવું. વેરી પણ કુસંગ કરતાં સારો, કારણ કે તે એક વાર માથું કાપે પણ કુસંગ અનેકવાર ગળા કપાવે. વચન પાળવામાં કુસંગ નડે છે. કુસંગનો યોગ હશે તો સત્સંગ પ્રધાન નહિ રહે. મહારાજને મળવું હોય તો સંત સાથે રોષ રાખવાથી વાત બનશે નહી. સંત વિના સંસાર તરવો શક્ય નથી. સંત વિના અંધારૂં છે. એવા સંત શુભગુણે યુક્ત છે, ધર્મ નિયમવાળા છે, તેનો સંગ કરવાનો છે, તેના વચન પાળવાના છે, તે જ વચનવિધિ.

અંતમાં પૂ. આનંદસ્વરૂપ સ્વામીએ તેમના ટૂંકા પ્રવચનમાં સારરૂપ વાત કરતા જણાવ્યું કે તત્કાલ સુખની અપેક્ષાએ કુસંગ રૂપ ટૂંકા માર્ગે ચાલવાનું પ્રલોભન રહે છે જે અંતે વિકટ પ્રશ્નો લાવે છે. મોટાપુરૂષના વચન પાળવામાં તત્કાળ કાંઈ સુખ જણાતું નથી ઉલટું તે તન,મન, ધનથી કષ્ટરૂપ જણાય છે, પણ તે જ સમયાંતરે સુખ આપે છે.

પ્રવચનને અંતે પૂ. નારાયણમુનિદાસ સ્વામીએ શ્રોતાઓના પ્રશ્નોના જવાબ સંતોષકારક આપ્યા હતા. પ્રવચનના અંતમાં પ.ભ. શરદભાઈ રાવલે આગામી ૯૦મી પ્રવચનમાળાના 'વ્યક્તિવિશેષ' વિષયમાં 'આદર્શ લોકનાયકઃ સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ' ની રૂપરેખા આપી શાબ્દિક આભાર વિધિ કરી હતી.